# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં ઓડિશામાં 47 હજાર કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.**
2. **પ્રધાનમંત્રી આજે કિસાન સન્માન નિધિનો 23મો હપ્તો જાહેર કરશે.**
3. **12માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આવતીકાલે વૈશ્વિક સ્તરે ઉજવણી.**
4. **અમેરિકાના રાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સશકત અને પ્રભાવશાળી નેતા ગણાવ્યા.**
5. **ક્રિકેટમાં, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રીજી અને અંતિમ વનડે મેચ આજે ચેન્નાઈમાં રમાશે.**

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PREZ ODISHA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઓડિશાના મયુરભંજ જિલ્લાના પહાડપુર પહોંચ્યા. ઓડિશાના રાજ્યપાલ ડૉ. હરિ બાબુ કંભમપતિ અને મુખ્યમંત્રી મોહન ચરણ માંઝીએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ અગાઉ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમના 68માં જન્મદિવસ ઉજવણી માટે તેમના ગામ પહાડપુરમાં પહોંચ્યા હતા. ઓડિશાના રાજ્યપાલ હરિબાબુ કંભમપતિ, મુખ્યમંત્રી મોહન ચરણ માંઝી સહિત સ્થાનિક રહેવાસીઓ દ્વારા રાષ્ટ્રપતિનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રીમતી મુર્મુ પ્રધાનમંત્રી મોદી સાથે તેમના ગામની મુલાકાત લેશે. તેઓ પવિત્ર સંથાલી જહેરા અને હો જહેરા ઉપવાનોમાં પ્રાર્થના કરશે. આ ઉપરાંત તેઓ કૌશલ્ય વિકાસ કેન્દ્ર અને પહાડપુર શાળાની મુલાકાત લેશે.

ત્યારબાદ રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી ઓડિશા સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે રાયરાંગપુરમાં એક વિશાળ જાહેર સભામાં ઉપસ્થિત રહેશે. તેઓ ઉર્જા, માળખાગત સુવિધા, આરોગ્યસંભાળ, શિક્ષણ અને સિંચાઈ સહિત વિવિધ ક્ષેત્રોમાં 47 હજાર કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી મોદી આ પ્રસંગે જાહેર સભાને પણ સંબોધિત કરશે.

# VP- PREZ WISH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના આજે જન્મદિવસ નિમિત્તે ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતના નેતાઓએ શુભેચ્છાઓ પાઠવી છે. ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને શુભેચ્છાઓ પાઠવતા સોશિયલ મીડિયા પોસ્ટમાં, કહ્યું કે રાષ્ટ્રપતિ મુર્મુએ સતત વંચિતોના હિત માટે કામ કર્યું છે અને રાષ્ટ્રની સેવામાં પોતાને સમર્પિત કર્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવતા સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે હિંમત, સરળતા, નમ્રતા અને જાહેર સેવા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાથી ચિહ્નિત રાષ્ટ્રપતિની યાત્રા દેશભરના લોકોને પ્રેરણા આપે છે. શ્રી મોદીએ રાષ્ટ્રપતિ મુર્મુને રાષ્ટ્રની સેવામાં લાંબા અને સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવી.

# PM- ODISHA WEST BENGAL VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઓડિશા અને પશ્ચિમ બંગાળની મુલાકાતે છે. પશ્ચિમ બંગાળની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન શ્રી મોદી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 23મો હપ્તો જાહેર કરશે.

આ અંતર્ગત , દેશભરના 9.44 કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતાઓમાં 18 હજાર 880 કરોડથી વધુ રૂપિયા સીધા ટ્રાન્સફર કરવામાં આવશે. તેઓ પશ્ચિમ બંગાળમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ડિજિટલ કૃષિ મિશન હેઠળ કૃષિ સ્ટેક અને પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના સહિત મુખ્ય કેન્દ્રીય કૃષિ યોજનાઓનો પણ અમલ કરશે. સાથે જ હુગલી જિલ્લાના તારકેશ્વરમાં પશ્ચિમ બંગાળ દિવસ ઉજવણીમાં હાજરી આપશે. તેઓ રાજ્યમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

ઓડિશામાં, તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના 68મા જન્મદિવસ પર મયુરભંજ જિલ્લાના પહાડપુર ગામમાં મળીને શુભેચ્છા પાઠવશે. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી પહાડપુરમાં પવિત્ર પ્રાકૃતિક સ્થળ સંથાલી જાહેરા અને હો જાહેરા ખાતે પ્રાર્થના કરશે. તેઓ કૌશલ્ય કેન્દ્ર અને પહાડપુર શાળાની પણ મુલાકાત લેશે.

ત્યારબાદ, રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી મયુરભંજ જિલ્લાના રૈરંગપુરમાં મોહન ચરણ માંઝી સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે યોજાનારા કાર્યક્રમમાં ભાગ લેશે. આ કાર્યક્રમ દરમિયાન , તેઓ 47 હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પરિયોજાનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પરિયોજના ઊર્જા , ઔદ્યોગિક માળખાગત સુવિધાઓ, માર્ગ જોડાણ, પીવાનું પાણી, આરોગ્ય, શિક્ષણ, પર્યટન અને સિંચાઈને આવરી લે છે.

આવતીકાલે પ્રધાનમંત્રી કોલકાતામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. આ સાથે જ શ્રી મોદી આવતીકાલે કોલકાતાના શ્યામાપ્રસાદ મુખર્જી બંદર પર ત્રણ સ્વદેશી રીતે નિર્મિત નૌકા જહાજો - INS દુનાગિરી, INS સંશોધન અને INS અગ્રેનું લોન્ચિંગ કરશે.

# PM-NAVY PLATFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે કોલકાતામાં સ્વદેશી રીતે નિર્મિત ત્રણ ભારતીય નૌકાદળના ત્રણ જહાજ INS દુનાગિરી, INS સંશોધક અને INS અગ્રેનું લોન્ચિંગ કરશે. આ જહાજોનો હેતુ લડાઇ કામગીરી , હાઇડ્રોગ્રાફિક સર્વેક્ષણ અને સબમરીન વિરોધી યુદ્ધને મજબૂત બનાવવાનો છે.નૌકાદળે જણાવ્યું હતું કે આ જહાજોમાં 75 ટકાથી વધુ સ્વદેશી સામગ્રી છે અને તેમાં 200 થી વધુ સૂક્ષ્મ , નાના અને મધ્યમ ઉદ્યોગો સામેલ છે , જે ભારતના સ્થાનિક જહાજ નિર્માણ ઉદ્યોગના વિકાસને દર્શાવે છે.

# DAY YOGA DAY 2026- V/C

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આવતીકાલે વૈશ્વિક સ્તરે ઉજવણી કરાશે. આ વર્ષે 12માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની "યોગ ફોર હેલ્ધી એજિંગ" વિષય વસ્તુ સાથે ઉજવણી કરાશે, જે તમામ ઉંમરના લોકો માટે યોગના મહત્વ પર ભાર મૂકે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની મુખ્ય રાષ્ટ્રીય ઉજવણી આવતીકાલે કોલકાતાના ઐતિહાસિક રેડ રોડ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યોજાશે. ઉજવણીના ભાગ રૂપે, સંસ્કૃતિ મંત્રાલય દેશભરના 100 પ્રતિષ્ઠિત સ્થળોએ ખાસ આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમોનું આયોજન કરશે, જે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને યોગ પરંપરાઓને એક સાથે લાવશે. અમારા સંવાદદાતા તરફથી વધુ:

(V/C- AMAN ENG-HIN)

# PREZ -YOGA DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે મધ્યપ્રદેશના જબલપુરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન હશે. આ કાર્યક્રમ સવારે સાડા સાત વાગ્યે સદર સ્થિત ગેરીસન મેદાનમાં યોજાશે. યોગ દિવસ કાર્યક્રમ બાદ રાષ્ટ્રપતિ મુર્મુ રાણી દુર્ગાવતી યુનિવર્સિટીની મુલાકાત લેશે અને 36મા દીક્ષાંત સમારોહમાં મુખ્ય મહેમાન બનશે. ત્યારબાદ તેઓ બપોરે એક વાગ્યે જબલપુરથી ગ્વાલિયર જવા રવાના થશે.

સોમવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કુનો રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેશે અને ત્યાં સહરિયા આદિવાસી સમુદાય અને પાર્ક સ્ટાફને મળશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NTA-EXAM PREPAREDNESS

નેશનલ ટેસ્ટિંગ એજન્સી NTA એ જણાવ્યું કે તે આવતીકાલે યોજાનારી NEET UG 2026ની પુનઃપરીક્ષાના સરળ, ન્યાયી અને પારદર્શક સંચાલન માટે સંપૂર્ણપણે તૈયાર છે. એજન્સીએ જણાવ્યું કે આ પરીક્ષા ભારતના 551 શહેરોમાં અને વિદેશના 14 શહેરોમાં 22 લાખ 79 હજારથી વધુ ઉમેદવારો માટે લેવામાં આવશે. એજન્સીએ નોંધ્યું હતું કે નિરીક્ષકો , સંયોજકો, પોલીસ દળો અને વહીવટકર્તાઓ સહિત બે લાખથી વધુ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

**(VOICE CAST: SHIVANG,NTA)**

# DEEPANKAR MUKHOPADHYAY PASSED AWAY

ભારતીય માહિતી સેવાના ભૂતપૂર્વ અધિકારી દીપાંકર મુખોપાધ્યાયનું ગઈકાલે રાત્રે કોલકાતામાં લાંબી બીમારી બાદ અવસાન થયું. તેઓ 77 વર્ષના હતા. મુખોપાધ્યાયે માહિતી અને પ્રસારણ મંત્રાલયના વિવિધ મીડિયા એકમો અને આકાશવાણી સમાચાર સેવા વિભાગમાં પણ સેવા આપી હતી. તેમણે સિંગાપોરમાં આકાશવાણીના ખાસ સંવાદદાતા તરીકે પણ સેવા આપી હતી.

# TRUMP-MODI

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા તેમને એક સશકત  અને પ્રભાવશાળી નેતા ગણાવ્યા છે. તેમણે કહ્યું કે શ્રી મોદી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વિશ્વના સૌથી પ્રભાવશાળી નેતાઓમાંના એક છે.

એક મુલાકાતમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે છેલ્લા 12 વર્ષમાં શ્રી મોદીના નેતૃત્વમાં ભારતે મજબૂતી અને સ્થિરતા મેળવી છે. તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સંબંધો સારા છે અને બંને દેશો વચ્ચે વેપાર ચાલુ છે. તેમણે એમ પણ કહ્યું કે પ્રધાનમંત્રી મોદીનું વિશ્વભરમાં સન્માન કરવામાં આવે છે અને તેઓ એક સશક્ત નેતા છે.

# REV. US IRAN - SWISS

અમેરિકાના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચી હવે આગામી વાટાઘાટો સ્વિટ્ઝર્લૅન્ડમાં કરશે. આ વાટાઘાટો ગઈકાલે શરૂ થવાની હતી પરંતુ લેબનોનમાં ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે તે મુલતવી રખાઇ હતી. જો કે બાદમાં  બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ પર સંમતિ સધાઈ હતી. મીડિયા અહેવાલો અનુસાર, અમેરિકા અને ઈરાન વચ્ચેની નવી વાટાઘાટોમાં સંભવિત પરમાણુ કરાર પર ચર્ચા થવાની શક્યતા છે. દરમિયાન, બંને દેશો વચ્ચે વાટાઘાટો ક્યારે શરૂ થશે તેની સત્તાવાર માહિતી હજુ સુધી જાહેર કરાઇ નથી.

# CRICKET IND VS AFG

ક્રિકેટમાં, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રીજી અને અંતિમ વનડે મેચ આજે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાશે.

શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમે ધર્મશાળામાં પહેલી વનડે સાત વિકેટથી જીતી હતી. ત્યારબાદ ભારતે લખનૌમાં બીજી વનડેમાં કેપ્ટન શુભમન ગિલ અને ઇશાન કિશનની સદીની મદદથી 170 રનથી વિજય મેળવ્યો હતો.